-રે. દી. મુ. નંબર - ૨૦૧/૨૦૨૪ અન્વયે આંક -૫ લગત વચગાળાનો હુકમ -

વાદી વિ.વ.શ્રી ધ્વારા આજરોજ દાવો બોર્ડ ઉપર લેવાની અરજી આપી પ્રતિવાદી નંબર ૪ અને ૯ સામે કાર્યવાહી કરવા તથા સી. પી. સી. ૧૫૧ મુજબ વચગાળાનો મનાઈ હુકમ માંગતી અરજી રજુ કરેલ છે. વાદી વિ. વ.શ્રી ધ્વારા આંક ૫ લગત હુકમ કરી પ્રતિવાદી નંબર-૪ વીરુધ્ધ સ્ટેટશકોનો હુકમ કરવા અરજ ગુજારેલ છે. પ્રતિવાદી નંબર ૨ થી ૫ ના વિ.વ.શ્રી હાજર છે. વાદી વિ. વ.શ્રી ની રજુઆત એવી છે કે આ કામના પ્રતિવાદી નંબર-૪ હાલ મા દાવા વાળી તકરારી જગ્યાની સ્થળ સ્થિતીમા ફેરફાર કરી રહેલ છે. જેથી પ્રતિવાદી નં. ૪ તેમ કરતા તાત્કાલીક અટકાવવા જરુરી છે જેથી દાવાના સંજોગો અને હકીકતો ધ્યાને લઈ પ્રતિવાદી નં. ૪ સામે બીજો હુકમ થતા સુધી સ્ટેટસકો આપવા અરજ ગુજારેલ છે. તેની સામે પ્રતિવાદી નં. ૪ ના વિ.વ.શ્રી એ મૌખીક વાંધો લીધેલ છે અને જણાવેલ છે કે વાદી આ તબકકે આવી કોઈ વચગાળા ની દાદ મેળવવા હકકદાર બનતા નથી જેથી વાદીની પ્રતિવાદી નં. ૪ વિરુધ્ધ સ્ટેટસ્કો મેળવવા અંગેની દાદ આ તબકકે નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

બંને પક્ષોને સાંભળ્યા બાદ દાવાના સંજોગો અને વાદી ધ્વારા આ તબકકે રેકર્ડ ઉપર લાવવામા આવેલ અગત્યની હકીકતો ધ્યાને લેતા ન્યાયના વીશાળ હીત મા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

- હુ ક મ -

(૧) પ્રતિવાદી નંબર-૪ નાઓએ દાવાવાળી તકરારી જગ્યા સંદર્ભે આગામી મુદત તારીખ -૧૮-૧૧-૨૦૨૪ સુધી સ્ટેટસ્કો મેઈનટેઈન કરવો તેવો ન્યાયના હીતમા હુકમ કરવામા આવે છે.

(૨) પ્રતિવાદી નંબર-૪ ના એ આગામી મુદત તારીખ-૧૮-૧૧-૨૦૨૪ સુધી દાવાવાળી તકરારી જગ્યાની યથાવત પરીસ્થિતી જાળવી રાખવી તેવો ન્યાયના હીત મા હુકમ કરવામા આવે છે.

(૩) સદર હુકમની જાણ પ્રતિવાદી નંબર-૪ ને તાત્કાલીક કરવી.

હુકમ આજરોજ તારીખ- ૭ મી માહે નવેમ્બર સને ૨૦૨૪ ના ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

તારીખ- ૭-૧૧-૨૦૨૪<br>જામનગર.

છઠા એડી. સીનીયર સીવીલ જજ<br>જામનગર.